નિવૃત્તિ સમયના પગારધોરણ ધ્યાને લઇ
પેન્શન રીવીઝન કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પશન/૨૦૧૪/સીસી-૧૨૮/પી
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૯/૦૩/૨૦૨૦

**વંચાણે લીધાઃ**

(૧) નાણા વિભાગના ઠરાવ ક્ર: પપફ/ ૧૦૯૯/ ભા.સ.૧(૨)/ પી, તા.૦૧/૧૧/૨૦૦૦
(૨) નાણા વિભાગના ઠરાવ ક્ર: પગર/૧૦૦૯/૪/પે-સેલ(એમ), તા.૧૩/૦૪/૨૦૦૯
(૩) નાણા વિભાગના ઠરાવ ક્ર: પશન/૧૦૨૦૧૪/સીસી-૩૬/પી,(૬૧૪૪૬), તા.૨૬/૦૨/૨૦૧૪
(૪) નાણા વિભાગના ઠરાવ ક્ર: પગર/૧૦૨૦૧૬/૬/પે-સેલ, તા.૧૫/૧૦/૨૦૧૬
(૫) નાણા વિભાગના ઠરાવ ક્ર: પરચ/૧૦૨૦૧૭/સીસી-૨૭/ પી, તા.૧૨/૩/૧૮
(૬) નાણા વિભાગના ઠરાવ ક્ર: પશન/ ૨૦૧૪/સીસી- ૧૨૮/પી (પાર્ટ ફાઇલ-૧), તા.૧/૫/૧૮

**પ્રસ્તાવના:**

ઉકત વંચાણે લીધેલ ક્રમ (૫) ઉપરના ઠરાવથી પેન્શનર/કુટુંબ પેન્શનરના કેસમાં નિવૃત્તિ કે અવસાન સમયે તેઓ જે પગારધોરણમાં પગાર મેળવતાં હોય તે પગારધોરણને અનુરૂપ, નવા પગારપંચના અમલમાં આવેલ પગારધોરણના લઘુત્તમ સ્કેલના ૫૦ ટકાથી ઓછું નહિ તે પ્રમાણે પેન્શન (તા.૧/૧/૨૦૦૬ પહેલાં નિવૃત્ત થયેલ પેન્શનરના કિસ્સામાં પેન્શનપાત્ર સેવાના સપ્રમાણમાં ) અને ૩૦ ટકાથી ઓછું નહિ તે પ્રમાણે કુટુંબ પેન્શન મંજૂર કરવાનું ઠરાવવામાં આવેલ. આ ઠરાવ મુજબ સ્કેલ ટુ સ્કેલના ધોરણે પેન્શન રીવીઝનનો લાભ તા.૦૧/૦૩/૨૦૧૮ની અસરથી આપવા અને અગાઉના વર્ષોનો લાભ નોશનલ ગણવાનું નિયત કરવામાં આવેલ. પરંતુ, રાજ્ય સરકારને મળેલ વિવિધ રજૂઆતો તેમજ નામદાર કોર્ટમાં દાખલ થયેલ પીટીશનોને ધ્યાને લઇ, સ્કેલ ટુ સ્કેલના ધોરણે પેન્શન રીવીઝનનો લાભ તા.૧/૧/૨૦૦૬ ની અસરથી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે પેન્શનર/કુટુંબ પેન્શનરના કેસમાં નિવૃત્તિ કે અવસાન સમયે તેઓ જે પગારધોરણમાં પગાર મેળવતાં હોય તે પગારધોરણને અનુરૂપ, નવા પગારપંચના અમલમાં આવેલ પગારધોરણના લઘુત્તમ સ્કેલના ૫૦ ટકાથી ઓછું નહિ તે પ્રમાણે પેન્શન (તા.૧/૧/૨૦૦૬ પહેલાં નિવૃત્ત થયેલ પેન્શનરના કિસ્સામાં પેન્શનપાત્ર સેવાના સપ્રમાણમાં) અને ૩૦ ટકાથી ઓછું નહિ તે પ્રમાણે કુટુંબ પેન્શન તા.૦૧/૦૧/૨૦૦૬ની અસરથી મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે. તેમજ પેન્શનરોને મળવાપાત્ર એરીયર્સની ચુકવણી કરવાની રહેશે. આમ, કર્મચારીઓને મળેલ ઉચ્ચતર પગારધોરણ, સિલેકશન ગ્રેડ, સિનિયર ગ્રેડ પેન્શન રીવીઝન સમયે ધ્યાને લેવાના રહેશે. આ લાભ મેળવવા પેન્શનર કે કુટુંબ પેન્શનરે વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૬) ઉપરના ઠરાવમાં નિયત કરેલ કાર્યપદ્ધતિને અનુસરવાનું રહેશે. ઉકત વંચાણે લીધેલ ક્રમ (૫) ઉપરનો તા.૧૨/૩/૧૮નો ઠરાવ મૂળ અસરથી રદ કરવામાં આવે છે.

નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : પશન/૧૦૦૯/૪૨૬/પી, તા.૧/૯/૨૦૧૭ અન્વયે તા.૧/૧/૨૦૦૬ થી તા.૧૨/૪/૨૦૦૯ સુધીમાં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ હોય અને મહત્તમ પાંચ ઇજાફા મેળવેલ હોય અને આ પાંચ મહત્તમ ઇજાફાઓ જતા કર્યા હોય કે ના કર્યા હોય પરંતુ પેન્શનપાત્ર

નોકરીના સપ્રમાણ પેન્શન મેળવેલ હોય તેઓને પણ આ ઠરાવ અન્વયે પેન્શનપાત્ર નોકરીના સપ્રમાણ પેન્શન રીવાઇઝ કરવાનું રહેશે.

આ ઠરાવ અંતર્ગત ચૂકવણું કરતી વખતે ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) અને (૫) ઉપરના ઠરાવો સંદર્ભે કે અન્ય કોઇ કારણસર જે પેન્શનરોને સ્કેલ ટુ સ્કેલ પેન્શન રીવીઝનનો લાભ અગાઉ આપવામાં આવેલ હોય તેવા કેસમાં બેવડુ ચૂકવણું ન થાય તેની પૂરતી ચકાસણી પેન્શન મંજુર કરનાર સબંધિત અધિકારીએ, ઉપાડ અને વહેંચણી અધિકારીએ/તિજોરી અધિકારીએ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે.પટેલ)
નાયબ સચિવ (પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(નાણા)ના અંગતસચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી. ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/તમામ કચેરીઓ
  *સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
  *સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
  *સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
  *સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
  *સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, અમદાવાદ.
  *સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
  *સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ/સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- તમામ કચેરીઓના વડાઓ, તમામ જિલ્લા તિજોરી / પેટા તિજોરી અધિકારીશ્રીઓ, તમામ પેન્શન ચૂકવણા કચેરીઓ, તમામ બોર્ડ, કોર્પોરેશન, યુનિવર્સિટીઓ/ રાજ્ય સરકારના જાહેર સાહસો.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ – નાણા શાખા સહિત
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ – વેબ સાઇટ ઉપર મુકવા માટે
- સીલેક્ટ ફાઇલ – પી શાખા

*પત્ર દ્વારા